# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : મેં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી છે. મને UGC NET/ GSET પરીક્ષા વિશે માર્ગદર્શન આપશો.**

**- મિતુલ મહેતા,સાવકુંડલા, અમરેલી**

**- હેમાંગ રાવલ, વિસનગર**

જો આપ કૉલેજમાં અધ્યાપક અથવા યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે કારકિર્દી બનાવવા માગતા હોવ તો આપને NET અથવા GSET પરીક્ષા પાસ કરવાની હોય છે. તો તેના માટે કોઇ પણ વિષયની માસ્ટર ડિગ્રીમાં પંચાવન ટકા માર્કસ સાથે પાસ કર્યું હોય અથવા અનુસ્નાતકના ચોથા સેમેસ્ટરમાં તમે ઍપિયર થયા હોવ તો આપ આ પરીક્ષા આપી શકો છો. આ પરીક્ષા અંગે ટૂંકમાં માહિતી નીચે મુજબ છે.

UGC- NET - નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા છે તથા GSET (સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટ) રાજ્ય સ્તરની પરીક્ષા છે. આ બંને પરીક્ષાઓ આપ આપી શકો છો. NET પરીક્ષા એ દર વર્ષે જૂન અને ડિસેમ્બર એમ બે વખત લેવામાં આવે છે. જ્યારે GSET પરીક્ષા સમયાંતરે અનુકૂળતા અનુસાર લેવામાં આવે છે.

**NET-GSET પરીક્ષાની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.**

NET પરીક્ષા પેટર્ન - આ પરીક્ષામાં કુલ ૦૨ પેપર હોય છે. આ પરીક્ષા કમ્પ્યૂટર બૅઝ્ડ હોય છે.

| પેપર | માર્કસ | પ્રશ્નો |
|---|---|---|
| ૧ | ૧૦૦ | ૫૦ - પ્રશ્નો - બધા ફરજિયાત |
| ૨ | ૨૦૦ | ૧૦૦ - પ્રશ્નો - બધા ફરજિયાત |

આ બે પેપર ઓબ્જેક્ટિવ પ્રકારના હોય છે. આમાં નેગેટિવ માર્કિંગ નથી.

● **અભ્યાસક્રમ :**

**પેપર-૧ :** આ જનરલ ટાઇપનું પેપર હોય છે. ઉમેદવારનો શિક્ષણ/ સંશોધન પ્રત્યેનો અભિગમ અથવા અભિયોગ્યતા ચકાસવા માટેનું આ પેપર હોય છે. આ ઉપરાંત રિઝનિંગ, એબિલિટી, કોમ્પ્રિહેન્સન, જનરલ અવેરનેસ, ઉમેદવારની યોગ્યતા ચકાસવા માટેનું આ પેપર હોય છે. આ પેપર તમામ વિષયો માટે કોમન હોય છે.

**પેપર-૨ :** આપે પસંદ કરેલ અનુસ્નાતક કક્ષાના વિષયનું આ પેપર હોય છે.

આપ આ બંને પેપરના અભ્યાસક્રમ અને અદ્યતન માહિતી માટે https://nta.ac.in/વેબસાઇટ જોઇ શકો છો.

આ બંને પરીક્ષાઓ કૉલેજ/ યુનિવર્સિટીમાં જે તે વિષયના અધ્યાપક બનવા માટેનીપરીક્ષા છે. આ પરીક્ષાઓની વધુ માહિતી નીચે જણાવેલી વેબસાઇટ પરથી મેળવી શકાશે.

૧. https://nta.ac.in/ ૨. http://www.gujaratset.in/

---

**પ્રશ્ન : મને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી લેબોરેટરી આસિસ્ટન્ટ વર્ગ-૩ની ભરતી અંગે માર્ગદર્શન આપશો.**

**- ચાવડા દેવાંશી, વેરાવળ, જિ. ગીર-સોમનાથ**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુદા જુદા વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકની કચેરીઓમાં વર્ગ-૩ના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

● **શૈક્ષણિક લાયકાત : -**

1. ઉમેદવારે રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨) સાયન્સ પ્રવાહમાંથી પાસ કરેલી હોવી જોઇએ અથવા
2. સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ તેમજ લેબોરેટરીનો કોર્સ કરેલો હોવો જોઇએ.
3. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.
4. ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

● **વય મર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

● **પરીક્ષા પદ્ધતિ :**

1. પ્રથમ તબક્કામાં સ્પર્ધાત્મક લેખિત કસોટી અને
2. બીજા તબક્કામાં કમ્પ્યૂટર પ્રોફિશિયન્સી ટૅસ્ટ - એમ બે કસોટી લેવામાં આવશે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યૂટરને લગતું સામાન્ય જ્ઞાન, ટૅસ્ટ ઓફ રિઝનિંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગણિતીક કસોટીઓ... | ૨૦ | ૯૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૦૫ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાત (લઘુત્તમ)ને સંબંધિત વિષયનું પેપર | ૬૦ | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

- પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.
- ક્રમ ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધોરણ ૧૦ (S.S.C.)ની સમકક્ષ રહેશે.
- ક્રમ ૪ માટે અભ્યાસનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવી છે તેની સમકક્ષ રહેશે.
- આ પરીક્ષા MCQ અને OMR પદ્ધતિ દ્વારા લેવામાં આવે છે.
- નેગેટિવ ૦.૨૫ માર્કિંગ લાગુ પડશે.

પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પાસ થનારા ઉમેદવારની બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશિઅન્સિ ટૅસ્ટ લેવામાં આવે છે.

જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ પાસ અથવા તેની સમકક્ષ અથવા આઇટીઆઇ અથવા ડિપ્લોમાની નિયત કરવામાં આવેલી હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કમ્પ્યૂટર પ્રોફિશિઅન્સિ પરીક્ષાનો અભ્યાસક્રમ :

**સમય : ૦૧ કલાક**

| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | ઍક્સેલ સ્પ્રેડશીટ | ૧૦ |
| ૨ | ઇ-મેઇલ કરવા (વિથ ફાઇલ ઍટેચમેન્ટ) | ૧૦ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૦ |
| ૪ | વર્ડ ટાઇપિંગ/ વર્ડ ફોર્મેટિંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૦ |
| | કુલ ગુણ | ૫૦ |

**પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ :**

ઉમેદવારો પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશિઅન્સિ ટૅસ્ટ, એમ બંને કસોટીમાં મેળવેલા ગુણના મેરિટના આધઆરે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવે છે.

નોંધ - આ માહિતી માત્ર દિશાસૂચન માટે છે. તેમાં લાયકાતના ધારાધોરણો મંડળ દ્વારા પ્રસિદ્ધ થતી નવી જાહેરાત મુજબ રહેશે. તેથી આ માહિતીને અંતિમ ગણવી નહીં.

સરનામું : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦(એ), ગાંધીનગર. વેબસાઇટ : https://gsssb.gujarat.gov.in/

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧